# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-07-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર જયેશ વેગડા વાંચે છે.

****************************************************

1) **દ્વિપક્ષિય સંબંધઓને વધુ સુદ્રઢ બનાવવાની નેમ સાથે ભારત અને ઘાનાના પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ત્રિનિદાદ અને ટોબેગોની મુલાકાતે**

2) **વિદેશ મંત્રી એસ.જયશંકરે કહ્યું - ભારત અને અમેરિકાના વ્યાવસાયિક સંબંધો ઉપર પાકિસ્તાનની કોઇ અસર નહીં**

3) **21મી જુલાઈથી 21મી ઓગસ્ટ સુધી સંસદનું ચોમાસુ સત્ર યોજાશે**

4) **બમ બમ ભોલેના નાદ સાથે કાશ્મીરના પહેલગામ અને બારતાલથી શ્રદ્ધાળુઓંનું પવિત્ર ગુફા તરફ પ્રયાણ**

5) **એજબેસ્ટન ટેસ્ટમાં કેપ્ટન ગિલની સદીની સહાયથી પ્રથમ દિવસે ભારતે ઇંગ્લેન્ડ સામે પાંચ વિકેટે 310 રન બનાવ્યા.**

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV.PM VISIT-GHANA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલે રાત્રે ઘાનાની રાજ્ય મુલાકાતે અકરા પહોંચ્યા. રાષ્ટ્રપ્રમુખ જોન ડ્રામાની મહામા દ્વારા તેમનું એરપોર્ટ પર ગાર્ડ ઓફ ઓનર અને 21 તોપોની સલામી સાથે સ્વાગત કરાયું હતું. દ્વિપક્ષિય સંબંધઓને વધુ સુદ્રઢ બનાવવાની નેમ સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો યોજાઇ હતી. આ વાતચિત બાદ જાહેર કરાયેલા સંયુક્ત પ્રેસ નિવેદનમાં, શ્રી મોદીએ જાહેરાત કરી કે ભારત-ઘાના ભાગીદારીને વ્યાપક સ્વરૂપ આપવાનો નિર્ણય લીધો છે.

<u>(BYTE- PM GHANA RELATIONS)</u>

બંને દેશોએ વૈશ્વિક આતંકવાદ વિરોધી સહયોગ પર સંમતિ વ્યક્ત કરી.

<u>(બાઇટ- PM TERRORISM)</u>

આ પ્રસંગે સંસ્કૃતિ અને આયુર્વેદ અને પરંપરાગત દવાના ક્ષેત્રે સંયુક્ત રીતે કાર્ય કરવા સમજૂતીના ચાર કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં. આ કાર્યક્રમ બાદ ઘાનાના રાષ્ટ્રપ્રમુખ મહામા દ્વારા આયોજિત રાજ્ય ભોજન સમારંભમાં, ઘાનાના રાષ્ટ્રપ્રમુખ જોન મહામા દ્વારા ઓફિસર ઓફ ધ સ્ટાર ઓફ ઘાનાનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને સન્માન એનાયત કરાયું હતું.

# PM VISTI TRINIDAD TOBEGO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી તેમની પાંચ દેશોની મુલાકાતના બીજા તબક્કામાં આજે રાત્રે ત્રિનિદાદ અને ટોબેગો પહોંચશે. તેઓ ત્રિનિદાદ અને ટોબેગોના રાષ્ટ્રપ્રમુખ ક્રિસ્ટીન કાર્લા કાંગાલૂ અને પ્રધાનમંત્રી કમલા પર્સદ-બિસેસર સાથે વાતચીત કરશે અને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવા અંગે ચર્ચા કરશે.

આ વર્ષે ત્રિનિદાદ અને ટોબેગોમાં ભારતીય વસાહતીઓના આગમનના 180 વર્ષ પૂર્ણ થઇ રહ્યાં હોવાને કારણે પ્રધાનમંત્રીની આ મુલાકાત ઐતિહાસિક મનાઇ રહી છે.

સાંભળીએ એક અહેવાલ.....

(V/C: SHAKSHISINGH)

# RIJIJU- PARLIAMENT SESSION

સંસદીય બાબતોના કેન્દ્રિય મંત્રી કિરેન રિજિજુએ માહિતી આપી હતી કે, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ 21મી જુલાઈથી 21મી ઓગસ્ટ સુધી સંસદનું ચોમાસુ સત્ર બોલાવવાના સરકારના પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી રિજિજુએ કહ્યું કે સ્વતંત્રતા દિવસની ઉજવણીને ધ્યાનમાં રાખીને 13 અને 14 ઓગસ્ટના રોજ કોઈ બેઠક થશે નહીં.

# JAISHANKAR-PAK

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે અમેરિકા સાથેના ભારતના સંબંધોની વચ્ચે પાકિસ્તાન અસર કરતું નથી. વોશિંગ્ટનમાં એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારત-અમેરિકા સંબંધો પરસ્પર હિતો પર આધારિત છે, ત્રીજા દેશો પર નિર્ભર નથી. તેમણે કહ્યું કે આપણે બીજાના આધારે પોતાને વ્યાખ્યાયિત કરવાનું બંધ કરવું જોઈએ અને ઉમેર્યું કે ભારત-અમેરિકાના સંબંધો સહિયારા લાભો, વેપાર, રોકાણ, ટેકનોલોજી, ઊર્જા અને ગતિશીલતા પર આધારિત છે.

ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામની મધ્યસ્થી કરવામાં મદદ કરી હતી તેવા ટ્રમ્પના દાવાને શ્રી જયશંકરે નકારી કાઢ્યો હતો. તેમણે સ્પષ્ટતા કરી હતી કે યુદ્ધવિરામની વાટાઘાટો બંને દેશોના લશ્કરી અધિકારીઓ દ્વારા સીધી કરવામાં આવી હતી.

# MORN. OM BIRLA-CONFERENCE

લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા આજે હરિયાણાના માનેસર ખાતે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં શહેરી સ્થાનિક સંસ્થાઓના અધ્યક્ષોની પ્રથમ રાષ્ટ્રીય સ્તરની પરિષદનું ઉદ્ઘાટન કરશે. બંધારણીય લોકશાહી અને રાષ્ટ્ર નિર્માણને મજબૂત કરવામાં શહેરી સ્થાનિક સંસ્થાઓની ભૂમિકાની થીમ સાથે આ બે દિવસીય પરિષદ યોજાશે. દેશમાં ઝડપથી થઇ રહેલા શહેરીકરણમાં શહેરી સ્થાનિક સંસ્થાઓની મહત્વપૂર્ણ ભૂમિકાની રૂપરેખા તૈયાર કરવા માટેનો આ કોન્ફરન્સનો ઉદેશ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# AMARNATH YATRA

**શ્રી અમરનાથજીની વાર્ષિક યાત્રાનો દક્ષિણ કાશ્મીરના પહેલગામ અને મધ્ય કાશ્મીરના ગાંદરબલ જિલ્લાના બાલતાલ બંને રૂટથી આજથી આરંભ થઈ રહ્યો છે. બાલતાલ રૂટથી બે હજાર ત્રણસો થી વધુ યાત્રાળુઓ અને પહેલગામ રૂટથી ત્રણ હજાર થી વધુ યાત્રાળુઓને લઈને લગભગ ત્રણસો વાહનો શ્રીનગર જમ્મુ રાષ્ટ્રીય ધોરીમાર્ગથી કાશ્મીર ખીણમાં સુરક્ષિત રીતે પહોંચ્યા.**

**યાત્રાળુઓ "બમ બમ ભોલે" અને "બરફાની બાબા કી જય" ના નારા લગાવતા જોવા મળ્યા. સ્થાનિકો, નાગરિક સમાજના સભ્યો અને જિલ્લા વહીવટીતંત્રે યાત્રાળુઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું.**

**(MUSIC: બમ બમ ભોલે.../ સ્થાનિકો અને યાત્રાળુઓની ટિપ્પણીઓ)**

પહેલગામ આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને, પવિત્ર ગુફા સુધી યાત્રાળુઓની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિસ્તૃત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આ અગાઉ ઉપ રાજ્યપાલ મનોજ સિન્હાએ ગઈકાલે સવારે જમ્મુના ભગવતી નગર બેઝ કેમ્પથી શ્રી અમરનાથજીની પવિત્ર ગુફા માટે યાત્રાળુઓના પ્રથમ જથ્થાને પ્રસ્થાન કરાવ્યું હતું.

## CRICKET- IND ENG - 2ND TEST

બર્મિંગહામના એજબેસ્ટન ખાતે રમાયેલી એન્ડરસન-તેન્ડુલકર ટ્રોફી શ્રેણીની બીજી ટેસ્ટના પ્રથમ દિવસે ભારતે ઇંગ્લેન્ડ સામે પાંચ વિકેટે 310 રન બનાવ્યા હતા. સુકાની શુભમન ગિલ 114 અને રવિન્દ્ર જાડેજાએ 41 રન બનાવીને રમતમાં છે. યશસ્વી જયસ્વાલે પણ 87 રનનું યોગદાન આપ્યું હતું. ઇંગ્લેન્ડ તરફથી ક્રિસ વોક્સે 2 વિકેટ ઝડપી હતી.

અગાઉ ઇંગ્લેન્ડે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતીય ટીમે પોતાની પ્લેઇંગ ઇલેવનમાં ત્રણ મહત્વપૂર્ણ ફેરફારો કર્યા છે. જસપ્રિત બુમરાને આરામ આપવામાં આવ્યો છે, જેનાથી ઝડપી બોલર આકાશ દીપ માટે પદાર્પણ કરવાનો માર્ગ મોકળો થયો છે. શાર્દુલ ઠાકુર અને સાઈ સુદર્શનની જગ્યાએ ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર અને નિતીશ કુમાર રેડ્ડીને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. પાંચ મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટમાં, ઇંગ્લેન્ડે લીડ્ઝના હેડિંગ્લે ખાતે ભારતને પાંચ વિકેટે હરાવીને 1-શૂન્યની સરસાઇ મેળવી હતી.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે હર્ષલ પંડ્યા

**1)** ગુજરાત સમચારે લખ્યું છે કે ટ્રમ્પનું ગાંડપણઃ અમેરિકન ઉદ્યોગોને 82 અબજ ડોલરનું નુકસાન

**2)** દિવ્યભાસ્કરે લખ્યું છે કે અમરનાથ યાત્રાઃ પરમિટ વિના પ્રવેશ નહી દર પચાસ મીટરે એક જવાન

**3)** સંદેશની હેડલાઇન છે ઓલિમ્પિક્સ 2036 માટે ભારતે અમદાવાદને હોસ્ટ સિટી તરીકે નોમિનેટ કર્યું

**4)** આજથી ચુસ્ત બંદોબસ્ત વચ્ચે અમરનાથ યાત્રીનો પ્રારંભ આ હેડલાઇન નવ ગુજરાત સમયની છે

**5)** હર હર મહાદેવના નાદ સાથે અમરનાથયાત્રાનો આરંભ આ સમાચાર ફૂલછાબે હેડલાઇન બનાવી છે

**6)** જીએસ ટીમાં મધ્મન વર્ગને રાહત મળે તેવા અહેવાલ, ઓલા ઉબેર જેવી કેબ કંપનીઓને પીક અવર્સમાં બે ગણુ ભાડુ વસૂલવા ની છુટ, કોવિડ-19ની રસીઓને કારણે અચાનક મોત થતા નહી હોવાનું અભ્યાસમા તારણના સમાચાર તમામ અખબારોએ પહેલા પેજ ઉપર પ્રસિધ્ધ કર્યા છે જ્યારે

**7)** રાજ્ય અને સ્થાનિક સમાચારમાં વરસાદને કારણએ બિસ્માર માર્ગોની કેબિનેટમાં ચર્ચા , વિમાન ઉડાવી દેવાની ધમકી આપનારા બિરજુ વૈભવી હોટલમાંથી પકડાયો અને હવામાન વિભાગની અતિભારે વરસાદની આગાહીના સમાચાર વાંચવા મળી રહ્યાં છે.